અપીલ અરજી નં.૨૮ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો. રાજુલ વી. રોય
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ ડો. રાજુલ વી. રોયની તા.૨૨–૨–૧૧ની અરજીથી કૃષ્ણ નગર સોસાયટીમાં પ્લોટ નં.૧ પર બનેલ બિન અધિકૃત પેવમેન્ટ, ભોંયતળીયું બાબતે કૃષ્ણ નગર એપાર્ટમેન્ટ ધ્વારા સામુહીક હક/હિત સાચવવા માટે માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૮/૨૦૧૧–૧૨

ડો. રાજુલ વી. રોયની તા.૨૨–૨–૧૧ની અરજીથી કૃષ્ણ નગર સોસાયટીમાં પ્લોટ નં.૧ પર બનેલબિન અધિકૃત પેવમેન્ટ, ભોંયતળીયું બાબતે કૃષ્ણ નગર એપાર્ટમેન્ટ ધ્વારા સામુહીક હક /હિત સાચવવા માટે માહિતિ આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/ તા.૨૮–૩–૧૧ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪ તા.૨૭–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના તા. ૨૮–૩–૧૧ ના પત્ર અન્વયે સંપર્ક કરેલ કે કેમ? વિગતો ની સ્પષ્ટતા કરેલ કે કેમ? શી વિગતે ? તે સ્પષ્ટ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૭૬૭ તા.૧૯–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. નં.૧૬૮૭ તા.૨૩–૨–૧૧ ના તબદીલ પત્રની નકલ તથા ફોટોગ્રાફની ઝેરોક્ષ , અરજદારને માહિતી અંગે તપાસણી માટે પાઠવેલ તા.૨૮–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. સાથે અરજદાર ધ્વારા તા.૩૦–૩–૧૧ ના રોજ તપાસણી કરી નકશાની નકલ મેળવ્યાની લખાણ ધરાવતી નકલ પણ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૨૨–૨–૧૧ ની અરજીથી કૃષ્ણનગર એપાર્ટ. પ્લોટ નં.૧ રહેઠાણના હેતુ માટે બનાવેલ જે છેલ્લ છ વર્ષથી કોમર્શીયલ ઉપયોગ થાય છે જે બાબતે અરજદારે જુદા જુદા પાર્કીગ ગેરકાયદેસર બાંધકામ, પાર્કીગમાં મોટા ભાગનો સ્ટોરેજ ગોડાઉન તેમજ અપર ગ્રા.ફલોર અને બેઝમેન્ટ ધ્વારા બીલ્ડીંગને નુકશાન કરવાના વિગેરે વિવિધ પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામા આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૮૭ તા.૨૩–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઈ.ઝેડ/આરટીઆઈ/ તા.૨૮–૩–૧૧ થી આરટીઆઈ એકટ હેઠળ કૃષ્ણનગર પોર્ટ. અંગેના વિવિધ પ્રશ્નો અને મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવા માટે પૂર્વઝોન કચેરીએ તા.૩૦–૩–૧૧ ના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન સબંધિત કર્મચારીને મળી રૂબરૂ સંપર્ક કરવા અને તેમના ધ્વારા સ્પષ્ટ નિર્દિષ્ટ કરેલી અરજી વરાછાઝોન ખાતેથી આપવામાં આવશે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારને આરટીઆઈ હેઠળ માહિતીની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અીધકારીના તા.૨૮–૩–૧૧ ના પત્ર સંદર્ભે જાહેર માહિતી અધિકારીને પૂરક વિગતોમાં તા.૩૦–૩–૧૧ ના રોજ અરજદારે રૂબરૂ ફાઈલનું ઈન્સ્પેકશન કરી માંગ્યા મુજબની નકલો અરજદારને રૂબરૂ આપેલ છે અને સહી મેળવેલ છે તેમજ ફાઈલના તેમના અંગત કેમેરા ધ્વારા ફોટો ગ્રાફ પણ લીધેલ છે અને નિર્દિષ્ટ કર્યા મુજબ નકશાની કોપી પણ પૂરી પાડેલ છે. તેવું તેમના તપાસણીના પત્રમાં નીચે જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન સહિત નકશા અને માહિતીની વિગતો અરજદારને પૂરી પાડેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

.

અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) ડો. રાજુલ વી. રોય,